
# સાહિત્યના ઇતિહાસનાં યુગવિભાજનો અને એનાં બદલાતાં સાહિત્યશાસ્ત્રો

સાહિત્યસમજનાં મુખ્ય છ બિંદુઓ છે : સમય, રચના, સર્જક, વાચક, જગત અને ભાષા.




આ છ મુખ્ય બિંદુઓની આસપાસ સર્જનપ્રક્રિયા ઓછીવત્તી માત્રામાં સતત પરિવર્તિત થયા કરે છે અને પરિવર્તિત થતી-થતી પુનરાવૃત્ત થતી રહે છે. પરંતુ સમયના કોઈ એક બિંદુ પરનું સાહિત્યનું અસ્તિત્વ સમયના અન્ય બિંદુથી હંમેશાં સાતત્યમાં છતાં અલગ હોવાનું. આથી સાહિત્યનો ઇતિહાસ સાધારણ નિયમોમાં પરિબદ્ધ કરવાને યોગ્ય નથી. એટલે કે સાહિત્યના ઇતિહાસનું સાતત્ય હોય છે અને એનું સામાન્યીકરણ થઈ શકતું નથી. આમ છતાં, સાહિત્યના ઇતિહાસને સમજવા માટે અને વિશ્લેષવા માટે એનું હંમેશાં યુગોમાં વિભાજન થતું હોય છે; એનું નામકરણ થતું હોય છે. એનો પ્રારંભ અને અંત કલ્પાતો હોય છે પણ એમાં રહેલી યાદચ્છિકતા ધ્યાન બહાર ન રહેવી જોઈએ.

યુગવિભાજન એક કામચલાઉ ફ્રેમવર્ક આપે છે; નહીં તો

ઇતિહાસની સામગ્રી આકલન માટે વેરવિખેર રહે છે. વળી, આ યુગો એકબીજાને આંતરતા પણ રહે છે. અલબત્ત, આંતરે-આંતરે આ યુગવિભાજનોને પડકારવામાં પણ આવે છે અને પુનર્વ્યાખ્યાયિત પણ કરવામાં આવે છે.

સાહિત્યનાં યુગવિભાજનો પાછળ મુખ્યત્વે સર્જનપ્રક્રિયા પરત્વેના આવતા અભિગમના પરિવર્તનને લક્ષ્ય કરાતું હોય છે. આ પરિવર્તન વારંવાર જુદાં-જુદાં કારણો, પ્રયોજનો, પસંદગીઓ, વિકલ્પો, પ્રાથમિકતાઓને કારણે આવે છે અને એથી એકંદરે સાહિત્યનાં વલણો અભ્યાસ અને વિશ્લેષણનું કારણ બને છે.

હિન્દીના જાણીતા કવિ વિશ્વનાથ તિવારીની આત્મકથાનું સૂચક શીર્ષક આ સંદર્ભમાં સંભારવું ઘટે. શીર્ષક છે : ‘અસ્તિ ઔર ભવતિ’ (છે અને થાય છે). કોઈ પણ ઇતિહાસની પણ આ સતત પ્રક્રિયા છે : એની હોવાપણાની અને થવાપણાની. સાહિત્યનો ઇતિહાસ હોવાની અને થવાની સંભાવના વચ્ચે હોય છે; અને આ સંભાવનાને ક્યાંક-ક્યાંક ઝાલતા રહેવી પડે છે. યુગો દ્વારા આ સંભાવના શક્ય બને છે અને એથી ખાસ કરીને બદલાતી આવતી સાંસ્કૃતિક ભૂમિકાઓનો અને સૌથી વધારે તો એને કારણે બદલાતો સૌંદર્યાભિગમોનો એક નકશો મળી રહે છે.

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ નરસિંહ પૂર્વે ખંડિત ઇતિહાસ છે. નરસિંહ પૂર્વે જૈનાભિગમથી રચાયેલું લિખિત સાહિત્ય જૈનભંડારોમાં સુરક્ષિત રહ્યું પણ જૈનેતર સાહિત્યની માત્ર સ્વલ્પ ભાળ મળતી હોવાથી જૈન ધર્મસંસ્કૃતિનું પરિબળ જ એનું ધારક બળ બન્યું છે. આ પછી ભારતીય સાહિત્યના ઇતિહાસમાં ભક્તિકાળમાં જન્મેલી પરંપરાની જ એક ધારા ગુજરાતી સાહિત્યના મધ્યકાળમાં મળે છે. એની મૌખિક પરંપરાએ અને પ્રસ્તુતિપરંપરાએ એક જુદી વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે, પરંતુ આ પછી અંગ્રેજી શાસનના પ્રભાવે, કન્નડ કવિ ચંદ્રશેખર કમ્બાર કહે છે તેમ, આપણા વર્તમાનથી આપણા ભૂતકાળનો વિચ્છેદ થયો છે. અંગ્રેજી શાસન દ્વારા આવેલી પશ્ચિમી સંસ્કૃતિએ અને અંગ્રેજી સાહિત્યે આપણને અને

આપણા વર્તમાનને આપણા ભૂતકાળથી અળગા કર્યા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં બહારના પરિબળથી આવેલું આ મોટું પરિવર્તન છે. આ પછી પશ્ચિમી અંગ્રેજી સંસ્કૃતિને અનુસરીને પૂર્વની સંસ્કૃતિના સ્વીકાર-સમન્વય-પ્રતિકારનાં પરિબળો સાહિત્યને ઘડતાં રહ્યાં છે. સુધારકયુગ, પંડિતયુગ અને ગાંધીયુગ એમ આકાર લેતા રહ્યા છે. રોમૅન્ટિકયુગનું લાગણીનું એકમ ક્યારેક સમગ્ર ચેતના (આનંદશંકર ધ્રુવ) સાથે સંકળાયું છે તો ક્યારેક વિરોધી તત્ત્વ જેવા વિચાર (બ. ક. ઠાકોર) સાથે જોડાયું છે; જે અંતે ગાંધીના વાસ્તવવાદને અંકે કરતું વિધાયક રવીન્દ્રી સૌંદર્યધારામાં પ્રવેશ્યું છે.

ગુજરાતી સાહિત્યમાં બે મોટા ઘટનાત્મક વળાંકો (Phenomenal change) જોવાય છે. મધ્યકાળથી અર્વાચીનનો પહેલો વળાંક અને અર્વાચીનથી આધુનિકતાવાદનો બીજો વળાંક. આધુનિકતાવાદી યુરોપીય-વૈશ્વિક સાહિત્યશાસનને કારણે અર્વાચીનથી સમગ્રપણે વિચ્છેદ થયો. આ પછી ગુજરાતી સાહિત્યનો અત્યારનો વર્તમાન ઇતિહાસ અનુઆધુનિકતાવાદી શાસનથી એક બાજુ આધુનિકતાનું અનુસંધાન અને બીજી બાજુ આધુનિકતાથી વિચ્છેદનો અનુભવ કરી રહ્યો છે.

મધ્યકાળના ધર્મરંગ્યા ભાતીગળ મૌખિક સાહિત્યનો આધાર જો મૌખિક લયવારસા સાથે જોડાયેલો છે, તો ગુજરાતી અર્વાચીન કાળનો સુધારવાદી સમન્વયવાદી અને પ્રતિવાદી સાહિત્યનો આધાર મુદ્રિતલેખન અને નવા વાચનજગત જન્માવતા યુરોપીય રોમૅન્ટિક અભિગમ સાથે સંકળાયેલો છે. આધુનિકતાવાદી-કાળ આંતરરાષ્ટ્રીય મૂલ્યવિરોધી કૃતિકેન્દ્રી ભાષાભિગમ અપનાવે છે, તો અનુઆધુનિકતાવાદી કાળ આધુનિકતાને અંકે રાખી સર્વાશ્લેષી વિસ્તરી ઇલેક્ટ્રૉનિક યુગનો પ્રસાર આપે છે.

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, આવાં યુગવિભાજનો દ્વારા છેવટે તો ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યની સાતત્યપૂર્ણ અને છતાં પરિવર્તનશીલ ગતિનાં ઇંગિતો આપે છે.

# સર્જનાત્મક સાહિત્યમાં ભાવનની સમસ્યાઓ

સંસ્કૃત નાટ્યકાર ભવભૂતિએ એના 'માલતીમાધવ' નાટકના પહેલા અંકમાં પોતાના કડક ટીકાકારોથી નારાજ થઈ જવાબ આપતાં લખેલું કે ચોક્કસ એનો યુગ આવશે જ્યારે મારો સમાનધર્મા કવિ ઉત્પન્ન થશે અને મારી કલાનો આદર કરશે. કારણ કાલ અંતહીન છે અને પૃથ્વી વિપુલ છે (उत्पस्यते मम तु कोऽपि समानधर्मा कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी). ભવભૂતિથી માંડી છેક ઉમાશંકર જોશી સુધી આ એક દૃઢ માન્યતા રહી છે કે કોઈ ને કોઈ સમાનધર્મા મળી રહેશે. ઉમાશંકર જોશી તેથી જ ગુજરાતીમાં 'સમસંવેદન' જેવી સંજ્ઞા આપે છે. અહીં લેખક કે કવિની રચના પરત્વે ભાવક તરફથી સમાન સંવેદનની અપેક્ષા રખાયેલી છે. સાહિત્યજગતમાં ચાલી આવેલો 'સમાનધર્મા' કે 'સમસંવેદન'નો ખ્યાલ સાહિત્યવિવેચનમાં નવેસરથી વિચારણા માગે છે.

અલબત્ત, સંસ્કૃતમાં રાજશેખર જેવા આચાર્યે એના અલંકારશાસ્ત્રના ગ્રંથ 'કાવ્યમીમાંસા'ના ચોથા અધ્યાયમાં સાહિત્યજગતનાં બે મહત્ત્વનાં અંગો, કવિ અને ભાવક બંનેની પ્રતિભાની કારયિત્રી અને ભાવયિત્રી તરીકે ઓળખ આપી વ્યાખ્યાઓ બાંધી છે. सा य धारयित्री भावयित्री. કારયિત્રી પ્રતિભા કવિને ઉપકારક છે, જ્યારે ભાવયિત્રી પ્રતિભા વિવેચક કે આલોચકને ઉપકારક છે. રાજશેખર કહે છે :

**एकस्य तिष्ठति कवेगृह्य एव काव्य**
**मन्यस्य गच्छति सुहृद्भवनानि यावत् ।**
**न्यस्याविदग्ग्धवदनेषु पदानि शश्वत्**
**कस्यापि सङ्करति विष्वकुतूहलीव ॥**

કેટલાક કવિઓની રચના પોતાના ઘરની ભીતર જ રહે છે, તો કેટલાકની મિત્રોનાં ભવનો સુધી પહોંચી જાય છે. કેટલાકની અવિદગ્ધોના મુખ પર સંચરણ કરતી વિશ્વભ્રમણની ઇચ્છા પૂરી કરે છે. આ કારયિત્રી પ્રતિભા છે, એની વ્યાખ્યા આપી રાજશેખર ભાવયિત્રી પ્રતિભાની વ્યાખ્યા આપે છે. રાજશેખર દર્શાવે છે કે જો કારયિત્રી પ્રતિભા કવિને ઉપકારક છે તો ભાવયિત્રી પ્રતિભા વિવેચક કે આલોચકને ઉપકારક છે. ભાવયિત્રી પ્રતિભા કવિના શ્રમને પૂર્ણ કરે છે અને કવિના વ્યાપારતરુને ફલિત કરે છે. भावकस्योपकुर्वाणा भावयित्री। सहि कवेः श्रममभिप्रायं च भावयति। चया खलु फलितः कवेर्व्यापरतरूरत्वथा सोऽवकोशी स्यात्। વળી, રાજશેખર આ સાથે ભાવકોની ઉચ્ચાવચ કોટિઓનો પરામર્શ કરી દર્શાવે છે. કેટલાક અરોચકી સમાલોચકોને સારી રચનાઓ પણ સ્પર્શતી નથી, તો કેટલાક તૃણાભ્યહારી આલોચકો સારીનરસી બધી જ રચનાઓ પચાવી જાય છે. તો કેટલાક મત્સરી સમાલોચકો ઈર્ષ્યાવશ રચનાને નાપસંદ કરે છે. આ બધામાં રાજશેખરને મતે તત્ત્વાભિનિવેશી સમાલોચક જ શ્રેષ્ઠ છે, કારણ તત્ત્વાભિનિવેશી સમાલોચક જ અનોખી સૂઝ સાથે રસાસ્વાદ માટે સક્ષમ અને તાત્પર્યશોધમાં નિપુણ હોય છે.

આ તો દેખીતા એવા ભાવકોના અભિગમના પ્રકારો છે, પણ ભાવકની ભાવયિત્રી પ્રતિભા શું છે, એની સામગ્રી શી છે, એ કઈ રીતે કાર્યાન્વિત થાય છે, એ કઈ પ્રક્રિયાનો આશ્રય લે છે, ભાવનતંત્ર શાનું બનેલું છે, ભાવનવ્યાપાર કઈ રીતે જન્મે છે, ભાવનક્ષેત્ર શેનાથી પ્રભાવિત છે, કેટલું પ્રભાવિત છે : આ બધા ભાવકપ્રતિભા-અંતર્ગત ઊઠતા સવાલો છે. સંસ્કૃત કાવ્યમીમાંસાએ ભાવનની ચરમકોટિ પર રસમીમાંસા દ્વારા એની દાર્શનિક રીતિએ પ્રત્યુત્તરો શોધવાના પ્રયત્નો કર્યા છે.